॥ સનાતન પરમો ધર્મ ॥ રવિવારી પૂર્તિ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

નખત્રાણા-કચ્છ

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

સં -૨૦૭૮ ● ચૈત્ર વદ–૧૫ ● તા.૦૧–૦૫–૨૨ ● રવિવાર SDP No.:738 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

સરદારધામ માં ગ્લોબલ પાટીદાર વ્યાપાર સમ્મેલનમાં પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી નો સંદેશ.

સુરત માં સરદાર ધામ દ્વારા વિશાલ વ્યાપાર મેળો, જેમાં પાટીદારના અધિપત્ય નો અહેસાસ, ABKKP સાહસિકોના પણ અનેક સ્ટોલ.

શ્રી ક.ક.પા.સમાજ વલસાડ પૂર્વ ના સાહસિક યુવા સભ્યોએ ગત રોજ GPBS સુરત ની મુલાકાત લીધી હતી.

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ વીડીયો કોન્ફરન્સના માધ્યમ થી ગત શુક્રવાર તા. 29એપ્રિલ ના રોજ ગુજરાતના સરદારધામ દ્વારા આયોજીત ગ્લોબલ પાટીદાર વ્યાપાર સમ્મેલન નું ઉદ્ઘાટન કરેલ.તેમના સંબોધનમાં સૌથી પહેલા સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરેલ.

નરેંદ્રભાઈ મોદી કહેલ કે જ્યારે દેશ આઝાદ થયેલ ત્યારે સંપદા ની કોઈ કમી ના હતી. આપણે બસ આપણા દિમાગ અને સંશોધનનો નો સદ્દુપયોગ પર લગાવવાનો હતો.આગામી 25 વર્ષ માટે જ્યારે આપણે એક સંકલ્પ સાથે નિકળીએ ત્યારે સરદાર પટેલની આ વાતને ક્યારે ના ભૂલવી જોઈએ.

દેશમાં એવો મહોલ બનાવીએ કે સામાન્ય થી સામાન્ય પરીવાર ના યુવા પણ ઉદ્યોગિક બનેપાછલા 08 વર્ષો થી કેંદ્ર સરકાર દેશમાં વ્યાપાર, ઉદ્યોગ, ક્રિએટિવિટી ક્ષેત્રમાં એક નવા વિશ્વાસ જગાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.આપણી સરકાર ની નિતીયોં, એકસન ના માધ્યમ થી નિરંતર પ્રયાસ કરી દેશમાં એક મહોલ બને કે સામાન્ય થી સામાન્ય પરીવાર ના યુવા ઉદ્યમી બને અને એમના માટે સપના જુએ.

પ્રધાન મંત્રી મોદીએ કહેલ કે કોરોના ની અભૂતપૂર્વ ચુનોતીઓ ના બાવજૂદ દેશમાં MSME સેક્ટર આજ તેજી થી વિકાસ કરી રહ્યું છે. કેંદ્રીય સરકારે MSME ઉદ્યોગને લાખો કરોડો રૂપિયા ની મદદ આપી MSME થી જોડાયેલા કરોડો રોજગાર બચાવવામાં સફળ થયા છીએ.

આજ આ સેક્ટર નવા રોજગાર માં તેજી સાથે નિર્માણ કરી રહ્યું છે.નાના મોટા હર વ્યવસાય દેશ ના વિકાસ માં મહત્વપુર્ણ યોગદાન આપી રહ્યુ છે.બધાના પ્રયાસની એ ભાવના થકી અમૃતકાલ માં દેશની તાકત બની રહે છે.. મને ખુશી છે કે આ વખતે સમિટમાં આપસૌ આ વિષય પર વિસ્તારમાં ચર્ચા કરવા જઈ રહ્યા છો.

આજ રોજ ૦૧ મેં ના પુણે શહેર માં યુવાસંઘની કારોબારી સભા સાથે રકતદાન નું પણ આયોજન

યુવાસંઘ ની કારોબારી સભા નવનિયુક્ત ટીમ 2022 2023 ના પ્રેસિડેન્ટ હિતેશ રામજીઆણી ના નેતૃત્વ માં CSR રિજીયન અને પુણે શહેર ના યજમાન પદે રાખવામાં આવેલ છે..આજે ભારત ભર ના યુવાસંઘ ના કારીબારી સભ્ય પદ ધર્મ નો પદભાર સાંભળવા પ્રથમ કારોબારી માં ઉપસ્થિત રહેશે.

તમામ રિજીયન ના મુખ્ય હોદ્દેદાર સાથે મિશન ના લીડર દ્વારા આવનાર સમય માં સમાજ ની યુવા પેઢી ની અપેક્ષાઓ અને તેની સિદ્ધિ ઓ ની પ્રાપ્તિ માટે ના લક્ષ સુનિશ્ચિત કરવા જરૂરી રોડ મેપ આ ટીમ પોતાનો આજ નક્કી કરશે..

ઉમા એજ્યુકેસન અને ચેરીટેબલ ટ્રસ્ટની સભા, SUV school કેમ્પસ સુરત મુકામે

આદરણીય હોદેદારશ્રી, 24 અપ્રિલની ટ્રસ્ટીશ્રીઓ સાથે આજની ટ્રસ્ટી મંડળની સભામાં ૧૩ સભ્યો અને SUV school સ્કૂલ મેનેજમેન્ટ સમિતિ (CMC) સભ્યોની હાજરીમાં પુખ્ત પણે વિકાસ અને વ્યવસ્થાની ચર્ચા કરવા આવેલ.

(1)ગત સભાની મીટીંગનું વાંચન અને બહાલી તેમજ તેની સમીક્ષા કરવામાં આવી(2) SUV કેમ્પસ નો અહેવાલ CMC કમીટી નરસિંહભાઈ ભાવાણી દ્વારા આપવામાં આવ્યો જેમાં જરુરી ચર્ચા કરી સજેશન સાથે સુધારા સુચન સાથે ધ્યાને લેવામાં આવેલ જેની માંહિતી સભ્યો અને ટ્રસ્ટીઓને મોકલેલ છે.(3) વલ્લભ વિદ્યાનગર હોસ્ટેલનો અહેવાલ ચંદુભાઈ ભાદાણી દ્વારા મૌખિક આપવામાં આવેલ. અત્યારે આણંદ હોસ્ટેલમાં ૧૦૦ સંખ્યા ઉપર વિધાર્થીઓ રહી અભ્યાસ કરે છે.



તેમજ હોસ્ટેલમાં રીપેરીંગ કામ કરવાનું તેમજ સોલાર ફિટિંગ માટેની રજુઆતને મંજુરી આપવા આવી.(4) SUV school ના વિકાસ ની ચર્ચા. (A) અત્યારે એજ્યુકેશન વ્યવસ્થા ને વધુ અસરકારક અને પરિણામ લક્ષી બનાવવા ખૂબ જરૂરી છે. જેથી અગાઉ આપણે સમીક્ષા કરીને જેમની પાસે આ કાર્ય માટે સમીક્ષા કરી નક્કી કરેલ તે દિવ્યમ ટ્રસ્ટ ગ્રુપના મહેશભાઈ સાથે આયુર્વેદ, હોમીયોપેથ અન્ય પાંચ કોર્સ અને ફેકલ્ટી પર આગળ વધી રહ્યા હતા.

તેમાં ઉમા એજ્યુકેશન ટ્રસ્ટના હિતનું રક્ષણ કરી શકીયે તે માટે જે કાયદાકીય ડોક્યુમેન્ટ બની શકતા ન હોવાથી તે બાબતે આગળ વધી શકીયે તેમ નથી અને ફક્ત મેનેજમેન્ટ માટે સામા પક્ષે તૈયારી ન હોવાથી તે દિવ્યમ ટ્રસ્ટ ની પ્રપોઝલ બાબતે હવે આગળ વધી શકાય તેમ નથી.

જેથી તે બાબત અત્રે અસ્વીકૃત થાય છે. આ બાબત ની સંપૂર્ણ માહીતી તમામ ટ્રસ્ટીઓ ને અત્રે આપવામાં આવી. ફક્ત મેનેજમેન્ટ માટે સુરતના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને ઓળખીતા સાથે ચર્ચા થતાં તેમની સાથે ત્રણ,ચાર મીટીંગ કરી એક સમજુતી કરાર નો ડ્રાફ્ટ તૈયાર કરેલ તે સહુ ને વાંચન માં મુકેલ છે જેની ચર્ચા કરતાં સર્વાનુમતે કાયદાકીય રીતે સોલીસીટર અને CA સાથે બેઠક કરી આ મુસદા ને આખરી ઓપ આપી આ વર્ષે જ 2022-23 માં જ વહીવટીય મેનેજમેન્ટ આપવાનું આજે ઠરાવેલ.

તેમજ SUV કેમ્પસ માં જરુરી છે તે વ્યવસ્થા તેમજ રીપેરીંગ કામ માટે ની માહિતી સહુને આપવામાં આવેલ તે અંદાજે ૨૯.00 લાખ ના ખર્ચને મંજુર કરવામાં આવ્યો (5) ટ્રસ્ટ ના પ્રમુખશ્રી છગનભાઇ સાંખલાએ પ્રમુખ સ્થાને થી જરૂરી રજુઆત કરી.(a) ચેરીટી કમિશનર માં ઉમા એજ્યુકેશન ટ્રસ્ટ બાબતે ફેરફાર રિપોર્ટની જે અધુરાશ હતી તેમાં ટ્રસ્ટ મંડળ આજની તારીખ માં 2015 થી 2020 અને 2020 થી 2025 સુધી નું P T R ના રેકર્ડ પર આવી ગયું છે જે કાર્ય પુરું થયું છે.

જેની માહીતી આપવામાં આવી. હવે પછી ટ્રસ્ટની મિલ્કતો PTR નકલ માં દાખલ કરવામાં આવશે અને બંધારણ પાસ કરાવવા ની કાર્યવાહી તબક્કા વાર ચેરીટી કમિશનર પાસેનું કાર્ય કરાવીયે છીયે જેને અનુમોદન આપવામાં માં આવ્યું (b) દાતાશ્રીઓ પાસે જે બાકી રકમ છે તે કોરોના કાળ ને લઇ ને રાહત આપવામાં આવેલ પણ હવે સમય વધુ થઈ ગયો છે તે ધ્યાને લઇ તમામ ને વિન્નતી કરી રકમ મેળવવા પ્રયત્ન કરવા અને રકમ આવેથી જે લોન છે તેમને પરત કરવા નું નક્કી કરવામાં આવ્યું.

(d) SUV કેમ્પસ માં વધારા માં ૦૧ થી ૧૦ ગુજરાતી મીડીયમની પરમીશન તેમજ DLS ની માન્યતા મેળવવાં ની કાર્યવાહી ની માહિતી આપવામાં આવી અને તેમાં આગળ વધવાનું નક્કી કરવામાં આવ્યું.આજની જરૂરી ટ્રસ્ટી હોદ્દેદારની બેઠક સભામાં એજન્ડા ના તમામ કાર્યો માં સહભાગી થઇ સર્વાનુમતે પાસ કરવા બદલ સર્વે ટ્રસ્ટીશ્રીઓ નો આભાર માની સભાને વિરામ આપવા માં આવ્યો

લિ. ટ્રસ્ટ મહામંત્રીશ્રી.
રમેશભાઇ પારસીયા સુરત
શ્રી ઉમા એજ્યુકેસન અને ચેરિટીટેબલ ટ્રસ્ટ.



ઓઢવ અમદાવાદ માં લીબાણી પરિવાર સુરધન ની 330.મી પુણ્યતિથિ.

શ્રી અખિલ ભારતીય ભૃગુ ગૌત્રીય લીંબાણી પરિવાર સુરધન ગૌ પૂજક પ.પૂ. હરદાસ બાપા ની 330 મી પુણ્યતિથિ ચૈત્ર વદ ચૌદસ તારીખ ૨૯ એપ્રિલ 2022 ને શુક્રવાર ના રોજ અમદાવાદ અને અમદાવાદ આજુબાજુ વસતા લીંબાણી પરિવાર દ્વારા ઓઢવ સમાજ ખાતે પૂજા અર્ચના અને ભાવભક્તિ સાથે પ્રસાદનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં લીંબાણી પરિવારના દાતાશ્રીઓ દ્વારા પ.પૂ. હરદાસ બાપાની આગળ દીપ પ્રગટાવવામાં આવ્યો. ત્યારબાદ સમગ્ર લીંબાણી પરિવાર દ્વારા સમૂહમાં આરતી ઉતારવામાં આવી હતી. આરતી બાદ દરેક દર્શનાર્થીઓ એ બાપાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા અને યથાશક્તિ ગાયો માટેના ઘાસચારા નું દાન આપવામાં આવેલ.

પ્રસાદ ગ્રહણ કરવા માટે સૌપ્રથમ દરેક નિયાણી ઓને વ્યવસ્થિત પંગતમાં બેસાડી. દરેક નિયાણી ઓ ને તિલક અને ચોખા લગાવી તેનું પૂજન કર્યું. પછી દરેકનિયાણી ઓને ભાવપૂર્વક પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો. ત્યારબાદ દરેક નીયાણી ને લીંબાણી પરિવાર વતી યથાશક્તિ ભેટ અને આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

નિયાણી ઓ દ્વારા પણ લીંબાણી પરિવારને સુખ સંપન્ના આશીર્વાદ આપવામાં આવ્યા હતા. લીંબાણી પરિવારના સૌ સભ્યોએ સાથે પ્રસાદ લઈ પ.પૂ. હરદાસ બાપા ની જયનાદ કરાવી કાર્યક્રમની પુર્ણાહુતી કરાવેલ.

સંયોજક -કનુભાઈ લીંબાણી, ઓઢવ.

ઐતિહાસિક રાજધાની પાટણના રાજમાર્ગો ઝગમગી ઊઠયા

આજે ગુજરાત સ્થાપના દિવસ

પાટણમાં CM ની હાજરીમાં ગૌરવદિનની ઉજવણી

રૂ .૩૬૯ કરોડના ૪૨૯ વિકાસ કામોની ભેટ સાથે નવી જાહેરાતો કરાશે.

ગુજરાતનાં શાનદાર 62 વર્ષ

જાનદાર ગુજરાતીઓને સલામ

અમેરિકાનું વ્હાઈટ હાઉસ હોય કે બ્રિટનની પાલમિેન્ટ...યુગાન્ડાથી યૂક્રેન કે પછી ખાડીના દેશો... જબરા પડકારો ઝીલી ગુજરાતીઓ વિશ્વમાં ફેલાયા છે. સમૃદ્ધિની સાથે ગુજરાતીઓએ દરેક દેશોમાં વિશ્વાસ પણ કેળવ્યો છે. આજે સ્થાપના દિને વાત કરીએ ગરવા ગુજરાતની

૦૧ લી મેં , વિશ્વ કામદાર દિન , તથા ગુજરાત રાજ્ય સ્થાપના દિનદેશના કામદારોનું સૌથી પહેલું રાષ્ટ્રિય લેવલનું સંગઠન " ઓલ ઈન્ડીયા ટેડ યુનિયન કોંગ્રેસ ' (આઈટુક) ની સ્થાપના સને ૧૯૨૦ માં ૩૧ મી ઓકટોબરના દિવસે મહાન સ્વાતંત્ર સેનાની લાલા લજપતરાયના અધ્યક્ષપદે મુંબઈમાં થઈ હતી . કામદારોના હકક અધિકાર , સ્વાભિમાન તથા સામાજિક , આર્થિક સુરક્ષાના માટે અનેક સંઘર્ષો થયા . કામદારો માટે આઠ કલાકનો કામનો કાયદો બનાવવા સરકારને ફરજ પાડી . ફળસ્વરુપ દેશમાં ફેકટરી એકટ , ૧૯૪૮ અમલમાં આવ્યો . કામદારોની નોકરીની સુરક્ષા તથા સામાજિક સુરક્ષા માટે અનેક કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા .

વાંઢાયના ઉમિયા ધામથી દેશલપર સુધીના રસ્તાનું ખાતમુહૂર્ત.

ડો.નીમાબેન આચાર્ય અને અન્ય મોવડીઓ દ્વારા રસ્તાનું ખાતમહુર્ત કરવામાં આવેલ.

ભુજ તાલુકાના વાંઢાય ખાતે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ઉમિયા ધામથી દેશલપર રસ્તાનું ખાતમૂહૂર્ત વિધાનસભા અધ્યક્ષ ડો . નીમાબેન આચાર્યને હસ્તે કરવામાં આવ્યું હતું .માર્ગ અને મકાન પંચાયત વિભાગ , ભુજ દ્વારા રૂ . ૧૦૫ લાખના ખર્ચે બે કિલોમીટરનો આ રસ્તો તૈયાર કરાશે . આતકે ભુજ તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન ભંડેરી , જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેન જનકસિંહ જાડેજા , શિક્ષણ સમિતિના ચેરમેન જયાબેન ચોપડા, કચ્છ જિલ્લા પંચાયત સદસ્ય કુંવરબેન , ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખ હંસરાજભાઈ ધોળુ , કેન્દ્રીય સમાજના પ્રમુખ અબજીભાઈ કાનાણી, વાંઢાય સરપંચ જુસબભાઈ , કાર્યપાલક ઈજનેર એમ.જે.ઠાકોર તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા .

વાંઢાય ઉમિયા માતા સંસ્થાનમાં ત્રિવેણી કાર્યક્રમ માં ઉપસ્થિત જનતા

શ્રી સંતરામ મંદિર નડિયાદના સહયોગથી બે દિવસીય તદન નિ:શુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજનનું ઉદઘાટન એવમ સંસ્થાની નવી વેબસાઈટનુ લોન્ચિંગ કરવામાં આવેલ.ભુજ નખત્રાણા હાઇવે રોડથી ઉમિયા માતાજી વાંઢાય વાયા સાધના કુટીર જતા રસ્તાને જોડતા નોન-પ્લાન રસ્તાનું ભૂમિપૂજન કરી ને કામ ચાલુ કરવામાં આવેલ. તા. ૩૦-૪-૨૦૨૨ને શનિવારના સવારના ૯.૦૦ કલાકે

વાંઢાય મંદિર ગેટ થઈ જે સીધા જ નખત્રાણા તરફ જવાના રસ્તા નો પદ ભાર ડો.નીમાબેન ધારાસભ્યના પ્રોજેક્ટ ને આભારી છે. તેઓ સાથે સંસ્થાના મેઈનગેટ સમક્ષ અગ્રણીઓ સાથે.

સંસ્થાનની આધુનિક વેબસાઈટનું ઓપનિંગ કરતા સમાજના અગ્રણીઓ સાથે.

આંખ ના નિદાન કેમ્પના ઉદ્દ્ઘાટન સાથે પોતાની આંખનું નિદાન કરાવતા ડો.નીમાબેન ધારાસભ્ય કચ્છ અને અધ્યક્ષ વિધાનસભા.

ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય ખાતે આ ત્રણ કાર્યક્રમ રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાન તેમજ કેન્દ્રીય સમાજ અને અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ અને સર્વે કારોબારી સભ્યો ઉપરાંત ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

લી. શ્રી બાબુભાઈ ચોપડા
મહામંત્રી શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી ટ્રસ્ટ.

અમદાવાદના તમામ હેરીટેજ મોન્યુમેન્ટ આજુબાજુના દબાણો દુર કરાવાશે.

અડાલજની વાવ

જવાબદારી ડાયરેકટર એસ્ટેટ અને ટાઉન પ્લાનિંગને સોંપાઈ

વર્લ્ડ હેરીટેજનો દરજ્જો મેળવનારા અમદાવાદ શહેરના તમામ હેરીટેજ મોન્યુમેન્ટ આજુબાજુના દબાણો દૂર કરાવવા મ્યુનિસિપલ કમિશનર લોચન સેહરાએ નિર્ણય કર્યો છે.કમિશનરે હેરીટેજ મોન્યુમેન્ટસની આજુબાજુના દબાણો દુર કરાવવાની જવાબદારી ડાયરેકટર એસ્ટેટ અને ટાઉન પ્લાનિંગને સોંપી છે.અમદાવાદમાં આવેલા તમામ હેરીટેજ મોન્યુમેન્ટ આજુબાજુના દબાણો દુર કરાવવા માટે મ્યુનિ.ના ડાયરેકટર એસ્ટેટ અને ટાઉન પ્લાનિંગ ઓફિસર પ્રિતમ રાઉત મધ્ય ઝોનના ઈન્ચાર્જ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને હેરીટેજ વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની સીધી દેખરેખ નીચે આ કામગીરી કરાવશે.આ ઉપરાંત અન્ય હેરીટેજ સંબંધી કામગીરી પણ અન્ય હુકમ ના થાય ત્યાં સુધી કરશે.

તો એના ઉપર તમારી કોઈ કોમેન્ટ ?

-હરિકૃષ્ણ શાસ્ત્રી

એક છોકરી છે. સોશિયલ મીડિયાથી "પ્રસિદ્ધ" થઈ છે. અને રોજ ભુંડાબોલી સંભળાવીને જોનારાનું માનસ ડહોળે છે.-તમારા જેવા ભદ્ર માનવીની કોઈ કોમેન્ટ?ફેનીલ માટેનું જજમેન્ટ આવતાં પહેલાં સરકારી પક્ષના વકીલની પહેલી અને મજબૂત દલીલ કે આરોપીએ એ. કે. ફોર્ટી સેવન પર સર્ચ કરેલું, અને કાંડ કરતા પહેલાં એક ક્રિમિનલ વેબ સીરીઝમાંથી જ ગળું કાપવાનો આઈડિયા મેળવેલો...

તમારા જેવા શાલીન વાચકની કોઈ કોમેન્ટ?અફઘાનિસ્તાનના નેતા મુલ્લા નિયાઝીએ માઈક અને ભૂંગા પર હઝારા મુસ્લિમોને ધમકી સાથેની ચેતવણી આપી કે મરી જવા તૈયાર થાઓ ! કેમકે તમે મુસ્લિમ નથી, કાફીર છો. અને પછીના ત્રણ જ દિવસમાં ૮ હજારથી વધુ હઝારા મુસ્લિમોનો ભયાનક જીનોસાઇડ ચાલતો રહ્યો. વિશ્વ સ્તબ્ધ હતું. (બસ "સ્તબ્ધ" ! બીજું કાંઈ નહીં!)

- તમારા જેવા સંવેદનશીલ માનવીઓની કોઈ કોમેન્ટ ?ટી.વી.ની ચાલુ ડિબેટે દલીલોની તડાફડી વચ્ચે અચાનક એક પેનલિસ્ટ શબ્દકોશની બહારના અપશબ્દોની ઝડી શરૂ કરે છે, તો સાથે બીજો પેનલિસ્ટ પોતાનો જોડો ઊંચો કરીને સ્ક્રીન પર "પીટી નાખવાની" ધમકી આપે છે... ચેનલ પણ તેવાને વારે વારે બોલાવતી જ રહે છે...

- તમારા જેવા શિષ્ટ અને સભ્ય દર્શકની કોઈ કોમેન્ટ?પાકિસ્તાન મીડિયા ભારત માટે રોજ જીભ ઉપર ટોક્સિનના બાટલા ભરી ભરીને ઠાલવતું રહે છે. આતંકના કાંટાળા બીજને પોષતું રહે છે, અને દર એકાદ મહિને કે બે અઠવાડિયે મીડિયાના ઝેરથી જન્મેલા આતંકી જંતુઓ દેશના એક, બે કે ચાર જવાનોને શહીદીના કફન નીચે સુવાડી દે છે..

.- તમારા જેવા રાષ્ટ્રપ્રેમી નાગરિકની કોઈ કોમેન્ટ?"સોશિયલ મીડિયા ખૂની છે."- આ વિધાન મારું નથી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ઓબામાનું છે. સ્ટેન્ડર્ડ સાઇબર પોલીસી સેન્ટરના કાર્યક્રમમાં તેમણે આ બાબતે બહુ હૃદયદ્રાવક અંદાજમાં કહ્યું હતું કે ચૂંટણીમાં સોશિયલ મીડિયા એક વિલન સાબિત થયું છે, તેનો હું સ્વયં સાક્ષી છું.

જેનાથી ફેલાયેલા ષડયંત્રે જ કેપિટલ હિલમાં હિંસાની આગ ફેલાવી હતી.યુક્રેન સાથેના યુદ્ધ બાબતે રશિયાએ ફેલાવેલા ભ્રામક વિડીયો (કદાચ સાચા હોય તો પણ શું)ના ખતરનાક પ્રચારે આજે આખા વિશ્વને યુદ્ધની આગ તરફ ઝોંકવાના મંડાણ કરી દીધાં છે.. અને તમારા ઘરમાં આ સોશિયલ મીડિયાની કોઈ અસર અનુભવો છો?એક વાલીએ કહેલું કે કંપની તરફથી મને દર વર્ષે એક મોબાઇલ મળે છે. જે એવરેજ કિંમતનો છે.

મારા દીકરાએ મારા હાથમાં એ મોબાઇલ જોઈને કહેલું કે કચરો વાપરવાનો બંધ કરો ડેડી, સ્ટેટસ તો એપલથી દેખાય!!અને એક અન્ય કેસમાં વાલીએ કહેલું કે મેં દોઢ કરોડની લોન લીધી હતી. થોડા પૈસા ઘરે પણ પડયા હતા. અને ધોરણ નવમા ભણતા મારા દીકરાએ ઓનલાઈન જુગારી ગેમ્સમાં એક વર્ષમાં પૂરા વીસ લાખ (હા 20 લાખ પૂરા)ઉડાડી મૂક્યા! મને માથું પછાડવાનું મન થતું હતું,

પણ શું કરું? બહુ જ ધીરે પગલે, કોઈ જ આહટ વિના, પરમ શાંતિથી સોશિયલ મિડિયાની સાથે સંકળાયેલા બધા જ કન્ટેન્ટ, એડ, ઈમેજ, વિડિયો અને તે ચલાવનાર સૂત્રધારો આપણા આત્મા પર હાવી થતાં જાય છે. અને શાંતિથી હિંસાની આગ, જાતીયતાના બોમ્બ, લાલચ લોભની મિસાઈલ ફોડતા જાય છે. "સોશિયલ"ના નામે એન્ટી સોશિયલનું એસિડ પીવાઈ જાય છે,

અને તેની ખબર પણ રહેતી નથી.. ત્યારે ઉપાય નામે શું? ઓબામાના પ્રવચન તરફ જરા પાછા ફરીએ. તેમણે સૌ પ્રથમ તો ટેકનો કંપનીઓને જ કઠેરામાં ઊભી કરી દીધી હતી કે તમે બનાવેલા પ્લેટફોર્મ જ એ રીતે ડિઝાઇન કરવામાં આવ્યા છે, કે તે લોકોને ગેરમાર્ગે દોરે છે. તમને કોઈ સામાજિક જવાબદારી છે કે નથી? તમારી ટેકનોલોજીનું અલ્ગોરિધમ યુઝર્સ સુધી જે પ્રકારનું કન્ટેન્ટ ફેલાવવાનું કામ કરે છે, તેમાં તમે પોતે જ બદલાવ લાવો.

કર્મચારીઓ ! જાગો. કંપની પર બદલાવ લાવવા બાબત તમે ખુદ જવાબદારી લો. કારણ એ છે કે ખોટી માહિતીઓના ફેલાવા લોકોના જાન લઈ રહ્યા છે, અને લોકશાહી સ્વયં ખતરાના દાયરામાં છે... એક વાક્યમાં કહેવું હોય તો ઓબામા એ ઉપાય બતાવે છે કે બધું જ કાનૂન કરશે, તો સમાજ શું કરશે ?

નકારાત્મક કન્ટેન્ટ ખસેડવા માટે સામૂહિક રીતે ટેકનો કંપનીઓ ઉપર ભયજનક દબાણ શા માટે ન લાવી શકાય?અને બીજો ઉપાય પ્રમુખસ્વામી મહારાજ સૂચવતા કે કાંટા-કાંકરા વાળી જમીન ઉપર બધે જ મખમલ મઢવા કે ચામડું પાથરવા જવાશે નહીં. જાતે જ વિવેકભાનના જોડા પહેરી લેવા. સુરક્ષા માટે કરાટે, જૂડો કે કુંગફુ જ નહીં,

સોશિયલ મીડિયાની ગંદકી ન ચીપકે, તેવી સમજદારીના આવરણની પણ એટલી જ જરૂર છે.યાદ રહે કે ટ્વિટરિયા, ફેસબુકિયા, યુટ્યુબરિયા અને એવા બધાય જો ઉત્તમ બાબતો વરસાવે, તો તેને આંખનો ઉંબરો ઓળંગવા દેજો.બાકી ગટર ખોલ-બંધ કરશો, તો કુવિચારોના વંદાથી માંડીને દુરાચરણની બદબૂ સુધી બધું જ પરેશાન કરતું રહેશે...તો આ નવા ઉજાસ માટે તમારી કોઈ કૉમેન્ટ?